## મહે.૧૧[માં] એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

GJVD020512982026

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નં. | :- | ૪૮૫૬૧/૨૦૨૬ |
| આંક | :- | |

| | |
|---|---|
| **ફરીયાદી :-** | **શ્રી સરકાર** |

**-:: વિરુધ્ધ ::-**

| | |
|---|---|
| **આરોપી:-** | **ઉમેશ રામચંદ્ર મોરે**<br>રહે. મ.નં.૫૫,રાજધાની સોસાયટી, નાયરા પેટ્રોલ પંપ સામે, વારસિયા, વડોદરા. |

| |
|---|
| **ગુન્હો : ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫ તથા એમ.વી. એકટની કલમ-૧૮૫, મુજબ.** |

## -:: હુકમ ::-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) ૮૫ તથા એમ.વી. એકટની કલમ-૧૮૫, મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૨૧૦ પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ -૨૨૭ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ -૨૩૦ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે, ત્યારબાદ આરોપી તરફે કબુલાત પુરસીસ રજુ કરી, આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાની હકીકત જણાવેલ છે અને વિશેષમાં જણાવે છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મુજરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે તેમજ સદર ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાતરી આપે છે.

(૩) ઉપરોકત હકીકત તેમજ હાલના આરોપીનુ નિવેદન ધ્યાને લેતાં, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ આરોપીને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ, તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટનો** ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-:: હુકમ ::-**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૨૬૪ અન્વયે, આ કામના આરોપીને ઉપરોક્ત મુજબના ગુનામા સંયુક્ત રીતે તકસીરવાન ઠરાવી, એમ.વી.એકટની કલમ-૧૮૫ મુજબના ગુનામાં **રૂા.૧,૦૦૦/-** (અંકે રૂપિયા એક હજાર પુરા) તથા પ્રોહી. એકટની કલમ-૬૬(૧) (બી), ૮૫ મુજબના ગુનામાં **રૂા.૧૦૦/-** નો દંડ, એમ તમામ ગુનામાં મળી કુલ **રૂા.૧,૧૦૦/-** (અંકે રૂપિયા અગિયારસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન-૦૭** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૧** માહે : **જુલાઈ** સને : **૨૦૨૬** ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તારીખ: ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : વડોદરા.**

**(કવિતા ગેહલોત )**
૧૧" એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
વડોદરા.
**કોડ નં.જીજે ૦૧૭૬૮**

દંડ રૂ.-----------અંકે રૂ.-------------

પા.નં.-----------ઉપર વસૂલ આપેલ છે.

તા.-----------
વડોદરા. Superintendent/Nazir